# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે યુક્રેનમાં સંઘર્ષનો તાત્કાલિક અંત લાવવા સહિતના આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરી.

2) કેન્દ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે GSTના નવા દરો અને સ્લેબ કૃષિ ક્ષેત્ર પર નોંધપાત્ર અસર કરશે.

3) પૂરગ્રસ્ત પંજાબમાં પુર ઓસરતા પરિસ્થિતિમાં હવે ધીમેધીમે સુધારો. અત્યાર સુધીમાં 46 લોકોના મોત

4) આજે થનારુ ચંદ્રગ્રહણ સમગ્ર ભારતમાં સ્પષ્ટપણે દેખાશે.

5) એશિયા કપ પુરુષ હોકી ચેમ્પિયનશિપમાં આજે ફાઇનલમાં ભારતનો મુકાબલો દક્ષિણ કોરિયા સામે થશે

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MACRON

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે યુક્રેનમાં સંઘર્ષનો તાત્કાલિક અંત લાવવાના પ્રયાસો સહિત આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરી. શ્રી મોદીએ સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ અને શાંતિ અને સ્થિરતાની તાત્કાલિક પુનઃસ્થાપના માટે ભારતના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો.

બંને નેતાઓએ ટેલિફોનિક વાતચીતમાં વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગમાં થયેલી પ્રગતિની સમીક્ષા અને મૂલ્યાંકન કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી, વૈશ્વિક શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી રહેશે. પ્રધાનમંત્રી મોદીએ આવતા વર્ષે ફેબ્રુઆરીમાં ભારતમાં યોજાનાર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઇમ્પેક્ટ સમિટ માટે આમંત્રણ સ્વીકારવા બદલ રાષ્ટ્રપતિ મેક્રોનનો આભાર માન્યો.

પ્રધાનમંત્રી મોદીએ તાજેતરમાં યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન સાથે વાતચીત કરી હતી. તેઓએ ભારત-EU મુક્ત વેપાર કરારના વહેલા નિષ્કર્ષ અને ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરના અમલીકરણ માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# REV. PM-GUYANA PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગયાનામાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓ અને પ્રાદેશિક ચૂંટણીઓમાં રાષ્ટ્રપતિ ઇરફાન અલીને તેમની ભવ્ય જીત બદલ અભિનંદન પાઠવ્યા છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ ભારત-ગયાના ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે આતુર છે. ગયાનાના રાષ્ટ્રપતિ અલીએ પ્રધાનમંત્રીના સંદેશના જવાબમાં શ્રી મોદી ભારત સરકાર અને ભારતના લોકો સાથે કામ કરવાની ઇચ્છા વ્યક્ત કરી જેથી બંને દેશોના મજબૂત અને સૌહાર્દપૂર્ણ સંબંધો વધુ મજબૂત બને.

# SHIVRAJ SINGH CHOUHAN

કેન્દ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, GSTના નવા દરો અને સ્લેબ કૃષિ ક્ષેત્ર પર નોંધપાત્ર અસર કરશે. ભોપાલમાં એક પત્રકાર પરિષદને સંબોધતા કૃષિ મંત્રીએ કહ્યું કે આ ફેરફારોથી ખાસ કરીને નાના અને મધ્યમ ખેડૂતોને લાભ થશે.. તેમણે કહ્યું કે કૃષિ સાધનો પર GST દરોમાં ઘટાડો થવાથી ખેતીનો ખર્ચ ઘટશે અને ખેડૂતોનો નફો વધશે.

શ્રી ચૌહાણે કહ્યું કે બાયો-પેસ્ટિસાઇડ્સ અને સૂક્ષ્મ પોષકતત્ત્વો પર પણ GST ઘટાડવામાં આવ્યો છે, જેનાથી ખેડૂતોને ફાયદો થશે ઉપરાંત રાસાયણિક ખાતરોથી બાયો-ખાતર તરફ પરિવર્તનને પણ પ્રોત્સાહન મળશે. શ્રી સિંહે ડેરી ક્ષેત્ર માટે જણાવ્યું હતું કે,

(BYTE:  SHIVRAJ SINGH)

# GST - COOPERATION MINISTRY

સરકારે કહ્યું છે કે વસ્તુ અને સેવા કર GST માં વ્યાપક સુધારાથી સહકારી ક્ષેત્ર મજબૂત થશે, ઉત્પાદનો સ્પર્ધાત્મક બનશે, ઉત્પાદનોની માંગ વધશે અને સહકારી સંસ્થાઓની આવક વધશે. સહકાર મંત્રાલયે કહ્યું છે કે GST સુધારાથી ગ્રામીણ ઉદ્યોગસાહસિકતા અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન મળશે અને લાખો પરિવારો માટે આવશ્યક ચીજવસ્તુઓની સસ્તી પહોંચ સુનિશ્ચિત થશે.

મંત્રાલયે કહ્યું છે કે GST સુધારાથી દેશના 10 કરોડથી વધુ ડેરી ખેડૂતોને ફાયદો થશે, ટકાઉ કૃષિ પ્રણાલીઓને પ્રોત્સાહન મળશે અને નાના ખેડૂતોને ફાયદો થશે. મંત્રાલયે કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આગામી પેઢીના GST સુધારાઓની મોટી સહકારી બ્રાન્ડ્સ સહિત સમગ્ર ડેરી સહકારી ક્ષેત્ર દ્વારા પ્રશંસા કરવામાં આવી છે.

ડેરી ક્ષેત્રમાં, ખેડૂતો અને ગ્રાહકોને રાહત આપવામાં આવી છે. તમામ પ્રકારના દૂધ અને ચીઝને GSTમાંથી મુક્તિ આપવામાં આવી છે. માખણ, ઘી અને સમાન ઉત્પાદનો પર GST 12  ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવામાં આવ્યો છે. લોખંડ, સ્ટીલ અથવા એલ્યુમિનિયમથી બનેલા દૂધના ડબ્બા પર પણ GST 12 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવામાં આવ્યો છે. આ પગલાં ડેરી ઉત્પાદનોને વધુ સ્પર્ધાત્મક બનાવશે, ડેરી ખેડૂતોને રાહત આપશે અને મહિલાઓ દ્વારા સંચાલિત ગ્રામીણ સાહસો, ખાસ કરીને દૂધ પ્રક્રિયામાં રોકાયેલા સ્વ-સહાય જૂથોને મજબૂત બનાવશે. જેથી ડેરી ક્ષેત્રમાં સહકારી સંસ્થાઓની આવકમાં વધારો કરશે.

1800 સીસીથી ઓછી ક્ષમતાવાળા ટ્રેક્ટર પરનો GST ઘટાડીને પાંચ ટકા કરવામાં આવ્યો છે. આનાથી ટ્રેક્ટર વધુ સસ્તું બનશે. આ નિર્ણયથી ખેડૂતો તેમજ પશુપાલન અને મિશ્ર ખેતીમાં રોકાયેલા લોકોને ફાયદો થશે. એમોનિયા, સલ્ફ્યુરિક એસિડ અને નાઈટ્રિક એસિડ જેવા મુખ્ય ખાતરો પરનો GST 18 ટકા થી ઘટાડીને પાંચ ટકા કરવામાં આવ્યો છે. જેટી વાવણીની મોસમ દરમિયાન પોષણક્ષમ ખાતરોની સમયસર ઉપલબ્ધતા સુનિશ્ચિત થઈ છે.

# PUNJAB-FLOOD

પૂરગ્રસ્ત પંજાબમાં પરિસ્થિતિ હવે સુધરી રહી છે, પરંતુ છેલ્લા 24 કલાકમાં અમૃતસર અને રૂપનગરમાં વધુ ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેના કારણે 14 જિલ્લાઓમાં કુલ મૃત્યુઆંક 46 થયો છે, જ્યારે પઠાણકોટ જિલ્લામાં ત્રણ લોકો ગુમ છે. અસરગ્રસ્ત ગામોની સંખ્યા પણ વધીને 1996 થઈ ગઈ છે, કુલ 3.87 લાખ લોકો અસરગ્રસ્ત બન્યા છે

મીડિયા અહેવાલો અનુસાર, પંજાબ સરકારે 13,000 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થવાનો અંદાજ લગાવ્યો છે. જોકે, આ એક વચગાળાનું મૂલ્યાંકન છે, કારણ કે પાણી ઓસરી ગયા પછી જ નુકસાનનું ચોક્કસ મૂલ્યાંકન શક્ય બનશે.

પ્રસ્તુત છે એક અહેવાલ....

(V/C- RAJESH BALI)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# LUNAR ECLIPSE

**આજે પૂર્ણ ચંદ્રગ્રહણ છે. આ ગ્રહણ સમગ્ર ભારતમાં સ્પષ્ટપણે દેખાશે. દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગલુરુ સહિત એશિયા, ઓસ્ટ્રેલિયા, પૂર્વ આફ્રિકા અને યુરોપના કેટલાક ભાગોમાં સંપૂર્ણપણે દેખાશે. ચંદ્રગ્રહણ આજે રાત્રે 8 વાગીને 58 મિનિટે શરૂ થશે અને જે આવતીકાલ સવારે 2 વાગીને 25 મિનિટે સમાપ્ત થશે. આ એક દુર્લભ ખગોળીય ઘટના એક દાયકામાં સૌથી લાંબા ગ્રહણમાંની એક હશે. તેનો સમયગાળો 82 મિનિટનો હશે અને ચંદ્રગ્રહણ પાંચ કલાકથી વધુ ચાલશે.**

**ચંદ્રગ્રહણ ત્યારે થાય છે જ્યારે પૃથ્વી સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવે છે. આ દરમિયાન, પૃથ્વીનો પડછાયો ચંદ્ર પર પડે છે. આ ઘટના ફક્ત પૂર્ણિમાના દિવસે જ થાય છે. આ હેઠળ, પૃથ્વી, સૂર્ય અને ચંદ્ર બધા એક રેખામાં હોય છે.**

# IMD WEATHER

હવામાન વિભાગે પશ્ચિમ રાજસ્થાન અને ગુજરાતમાં આજે અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે.

વિભાગના જણાવ્યા અનુસાર આજે પૂર્વી રાજસ્થાન, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ ખૂબ જ ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ઘણી જગ્યાએ ભારે વરસાદ પડી શકે છે. બીજી તરફ, ઓડિશા, પશ્ચિમ બંગાળના હિમાલયના દરિયાકાંઠાના વિસ્તારો, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને ઉત્તરાખંડમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે.

આ દરમિયાન, હવામાન વિભાગનું કહેવું છે કે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને દક્ષિણ-મધ્ય કર્ણાટકમાં કેટલાક સ્થળોએ ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે.

# ASIA CUP HOCKEY

એશિયા કપ પુરુષ હોકી ચેમ્પિયનશિપના આજે ફાઇનલમાં ભારતનો મુકાબલો દક્ષિણ કોરિયા સામે થશે. બિહારના રાજગીરમાં આ મેચ સાંજે સાડા સાત વાગ્યે રમાશે.

ભારતીય ટીમે ગઈકાલે તેની છેલ્લી સુપર-ફોર મેચમાં ચીનને 7-0થી હરાવીને ફાઇનલમાં જગ્યા બનાવી હતી. આ શાનદાર જીત સાથે, ભારત સુપર-ફોરમાં ટોચ પર રહ્યું. દક્ષિણ કોરિયા પણ મલેશિયાને 4-3થી હરાવીને ફાઇનલમાં પહોંચ્યું. ભારત અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અપરાજિત રહ્યું છે. અન્ય એક મેચમાં કઝાકિસ્તાને ચાઇનીઝ તાઈપેઈને 6-4થી હરાવ્યું.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- અમેરિકાના કુણા પડેલા વલણ અંગેના સમાચારોને તમામ અખબારે પહેલા પાને સ્થાન આપ્યું છે દિવ્યભાસ્કર લખે છે ટેરિફ બાદ તારીફ મોદી માટે ફરી દોસ્તીનું ટ્રમ્પ કાર્ડ
- ગુજરાત સમાચાર લખે છે મોદી મારા મિત્ર, મહાન પીએમ : ટ્રમ્પ ટ્રમ્પની ભાવનાની પ્રશંસા કરું છું :મોદી
- સંદેશની હેડલાઈન છે ટ્રમ્પ એકદમ નરમ પડ્યા, મોદીના વખાણ કર્યા
- આ સાથે સંદેશને અન્ય હેડલાઈન છે દિલ્હીમાં પૂર જેવી સ્થિતિ પંજાબમાં હાહાકાર રાજસ્થાનમાં ભારે વરસાદ
- દિવ્ય ભાસ્કર ની અન્ય હેડલાઇન છે ચીટ ફંડ 1.74 લાખ કરોડના કૌભાંડમાં મામલે સહારા સામે ચાર્જશીટ દાખલ
- ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે 400 હિમ સરોવરો વિસ્તરતા ભારતમાં વિનાશક પૂરનું જોખમ
- ગુજરાત સમાચારની અન્ય હેડલાઇન છે ખાલીસ્તાની ત્રાસવાદીઓને કેનેડા માંથી નાણાકીય સમર્થન મળે છે રિપોર્ટ
- સ્થાનિક સમાચારોમાં પાવાગઢ દુર્ઘટના અજંતા હાઇડ્રો પ્રોજેક્ટ દુર્ઘટના રાજ્યભરમાં મેઘમહેર ગાઝાના નામે પૈસા ઉઘરાવતા ત્રણ યુવક પકડાયા જેવા સમાચારોને સ્થાન મળ્યું છે